"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam.
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                                                  તા: ૦૯/૦૮/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________                                                   સુરત

જાત ની વિગી પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ ભીખાભાઈ જશાભાઈ સોજીત્રાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.

નામ: ભીખાભાઈ જશાભાઈ સોજીત્રા ઉ. વ.૭૫ બ્લડ ગ્રુપ: A +ve

વ્યવસાય: ખેતી કરતા હતા.

રહેવાસી: ૨૦, વ્રજવિલા સોસાયટી, ઉમરા-વેલંજા, હજીરા રોડ, ઓલપાડ - સુરત.

મૂળ રહેવાસી: ગામ: બેરાજા તા: કાલાવડ જી: જામનગર

કોંટુબિક વિગત : પુત્રો:
- ૧) જયંતીભાઈ ભીખાભાઈ સોજીત્રા ઉ.વ. ૫૦
  વ્યવસાય.: હીરા અને મકાનની દલાલી
- ૨) કાનજીભાઈ ભીખાભાઈ સોજીત્રા ઉ.વ. ૪૫
  ગામમાં ખેતી કરે છે.

પુત્રીઓ:
- ૧) કાંતાબેન અશોકભાઈ પાનસુરીયા ઉ. વ. ૩૫
- ૨) કૈલાશબેન શૈલેશભાઈ ચાંગાણી ઉ. વ. ૩૨
- ૩) પ્રભાબેન હિતેશભાઈ માલાણી ઉ. વ. ૨૮

**બનાવની વિગત:**

રક્ષાબંધનના તહેવાર નિમિત્તે સોમવાર, તા: ૦૭ ઓગસ્ટનાં રોજ ભીખાભાઈ પોતાના ઘરેથી તેમના ભત્રીજા સાથે બાઈક ઉપર તેમની દીકરી કાંતાબેન કે જેઓ શીવદર્શન સોસાયટી, યોગી ચોક, વરાછા રહે છે ત્યાં જતાં હતાં ત્યારે રણુજા ધામ દુઃખીયાનો દરબાર, મોટા વરાછા ગોથાણ રોડ પાસે એક બાઈક સાથે અથડાતા

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ભીખાભાઈ બાઈક ઉપરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક પી. પી. સવાણી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. તેથી તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં સાંજે ૪:૦૦ કલાકે યુનિટ હેડ ડો. મુકેશ પંચોલીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

મંગળવાર, તા: ૦૮ ઓગસ્ટના રોજ ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડો. પ્રશાંત પટેલે ભીખાભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ભીખાભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ભીખાભાઈના પુત્રો જયંતીભાઈ અને કાનજીભાઇ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સભ્યોએ જણાવ્યું કે આમારા પિતાશ્રી બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે, તેમના અંગોના દાન થકી કોઈક વ્યક્તિને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અને કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન નવી સિવિલ હોસ્પીટલના ડોકટરોએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કીડની રીસર્ચ માટે રાખવામાં આવી છે. જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી નિલેશ સુરેશભાઈ પટેલ ઉ. વ. ૪૪માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

3...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં ભીખાભાઈના પુત્રો જયંતીભાઈ, કાનજીભાઇ, પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. પ્રશાંત પટેલ, ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા, યુનિટ હેડ ડો. મુકેશ પંચોલી, સર્જરી વિભાગના ડો. નિલેશ કાછડીયા, ડો. કૌશિક ચૌધરી, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૧૫ કિડની, ૮૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૨ હૃદય અને ૧૮૨ ચક્ષુઓનો દાન મેળવીને ૪૯૭વ્યક્તિઓને</u> નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| **Nilesh Mandlewala** | **Sandeep Kumar, IRS** | **Rakesh Jain** | **Ramesh Malpani** |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**